# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10/05/2026** **Morning : 7.10 to 7.20**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **સોમનાથ અમૃત પર્વની ઉજવણી અંતર્ગત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી બે દિવસની ગુજરાતની મુલાકાતે.**
2. **સોમનાથમાં પહેલીવાર મંદિર ઉપર આવતીકાલે ૧૧ તીર્થોના જળથી કુંભાભિષેક - વાયુસેના દ્વારા સૂર્યકિરણ એર શો ખાસ આકર્ષણનું કેન્દ્ર બનશે.**
3. **કચ્છના લખપતના દરિયાકાંઠેથી જુદા જુદા સ્થળોએથી કુલ 30 જેટલાં ચરસનાં પેકેટો મળ્યાં.**
4. **અમદાવાદ સહિત રાજ્યમાં કાળઝાળ ગરમીની આગાહી.**
5. **IPL ક્રિકેટમાં ગુજરાત ટાઇટન્સે રાજસ્થાન રોયલ્સને 77 રનથી હરાવ્યું.**

---------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# PM GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી ગુજરાતની બે દિવસની મુલાકાતે આવી રહ્યા છે. પ્રધાનમંત્રી કાર્યાલયનાં જણાવ્યા મુજબ શ્રી મોદી આજે રાત્રે જામનગર ખાતે આવશે. જ્યાં લાલ બંગલો સર્કલ ખાતે તેમનું સ્વાગત કરવામાં આવશે. અહી રાત્રિ રોકાણ કર્યા બાદ બીજા દિવસે શ્રી મોદી સવારે સોમનાથ જશે જ્યાં તેઓ સોમનાથ મંદિરનાં પુનઃનિર્માણની 75મી વર્ષગાંઠ પ્રસંગે આયોજિત અમૃત મહોત્સવનાં ભાગ રૂપે આયોજિત ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેશે.

તેઓ વિશેષ મહાપુજામાં ભાગ લીધા બાદ કુંભ અભિષેક અને ધ્વજારોહણ વિધીમાં પણ ભાગ લેશે. પ્રધાનમંત્રી સોમવારે વડોદરા ખાતે સરદાર ધામ લોકાર્પણ કરશે અને જાહેર સભાને સંબોધશે. તેઓ સરદાર ધામ પરિસરની મુલાકાત પણ લેશે.

# SOMNATH KUMBHBHISHEK

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં શરૂ થયેલા "સોમનાથ અમૃતપર્વ-૨૦૨૬"ની ઉજવણી થઇ રહી છે. આ પર્વ સાથે સોમનાથ ક્ષેત્રમાં અનેક ઈતિહાસ પણ રચાવા જઈ રહ્યા છે. પુનઃનિર્મિત સોમનાથ મંદિરના શિખર પર પહેલીવાર ૧૧ તીર્થોના જળથી કુંભાભિષેક કરવામાં આવશે.

"સોમનાથ અમૃતપર્વ ૨૦૨૬"ના વિશેષ અવસરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સોમનાથ આવી રહ્યા છે. શ્રી મોદી સવારે સોમનાથ મહાદેવની

મહાપૂજા કરશે. આ દરમિયાન મંદિર બહાર ક્રેનથી વિશાળ કુંભ ૯૦ મીટર ઊંચાઈ પર મંદિરના શિખર સુધી લઈ જવાશે. બ્રાહ્મણો પણ આ કુંભની સાથે જ રહેશે.

૧૧ તીર્થોના પવિત્ર જળ ભરેલા આ કુંભથી મંત્રોચ્ચાર સાથે શિખર પર અભિષેક કરવામાં આવશે. આ અંગે તીર્થ પુરોહિત સોમપુરા બ્રાહ્મણ સમાજના પ્રમુખ હેમલ ભટ્ટે જણાવ્યું કે, પુન:નિર્મિત સોમનાથ મંદિરના ઈતિહાસમાં પહેલીવાર શિખર પર કુંભાભિષેક કરવામાં આવશે.

**BYTE- HEMAL BHATT, PRESIDENT, PILGRIMAGE PRIEST SOMPURA BRAHMIN SAMAJ**

# SOMNATH SURYKIRAN AIRSHOW

સોમનાથ મહાદેવના સાનિધ્યમાં સોમનાથ અમૃત પર્વ 2026નું આયોજન કરવામાં આવ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સોમનાથ મુલાકાત અને મંદિરના પંચાવન વર્ષની ઉજવણી દરમિયાન ભારતિય વાયુસેના દ્વારા આવતીકાલે 6 ફાઈટર જેટ સાથે સુર્યકિરણ એર શો યોજાશે.

ફાઈટર જેટ દ્વારા આકાશમાં ટ્રાઈકલર સ્મોક ટ્રેઈલ, કલર સ્મોક, લૂપ્સ એન્ડ રોલ્સ, ક્લોઝ ફોર્મેશન, ડાયમંડ ફોર્મેશન સહિત હવાઈ કરતબો બતાવવામાં આવશે. સૂર્યકિરણ એર શો દરમિયાન આશરે 800થી 900 કિલોમીટર પ્રતિ કલાકના ઝડપથી આ ફાઈટર જેટ ઉડાન ભરશે. ફાઈનલ એરશો પહેલા આજે સવારે 11 વાગ્યથી સૂર્ય કિરણની ટીમ દ્વારા રિહર્સલ કરવામાં આવશે.

## SOMNATH AMRUT PARV

સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સોમનાથ મંદિર આધ્યાત્મિકતા અને ટકાઉ પર્યટનના વૈશ્વિક કેન્દ્રમાં વિકસિત થતી તેની આધુનિક સફરના પંચાવન વર્ષની ઉજવણી કરી રહ્યું છે. જેને લઈ શ્રી મોદી 'સોમનાથ અમૃત પર્વ' ની ઉજવણી કરવા માટે સોમનાથ આવી રહ્યા છે. આ સાથે જ સોમનાથ મંદિર ભારતનું પ્રથમ 'નેટ-ઝીરો' મંદિર બનવાનું લક્ષ્ય પણ રાખી રહ્યું છે.

જે અંતર્ગત 'મિશન લાઇફ' પહેલ હેઠળ સોમનાથ મંદિર ફૂલોના કચરાને ખાતરમાં અને પ્લાસ્ટિકના કચરાને પેવર બ્લોકમાં રૂપાંતરિત કરીને ટકાઉપણામાં નવા ધોરણો સ્થાપિત કરી રહ્યું છે. આધુનિક ગટર શુદ્ધિકરણ પ્લાન્ટ, વરસાદી પાણીના સંગ્રહ પ્રણાલીઓ અને મિયાવાકી જંગલો દ્વારા સોમનાથ ટ્રસ્ટ 'નેટ-ઝીરો' કાર્બન ફૂટપ્રિન્ટ તરફ આગળ વધી રહ્યું છે. વંદે ભારત એક્સપ્રેસ અને આંતરરાષ્ટ્રીય એરપોર્ટ જેવી સુવિધા સાથે, દર વર્ષે દેશ અને દુનિયાભરમાંથી 97 લાખથી વધુ ભક્તો સોમનાથની મુલાકાત લે છે.

## JUNAGADH MODHVADIA

કેબીનેટ મંત્રી અર્જુન મોઢવાડીયા વન અને પર્યાવરણ, કલાઇમેટ ચેન્જ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના હસ્તે રમળેચી ખાતે અંતરીયાળ જંગલ વિસ્તારમાં ફરજ બજાવતાં સ્ટાફના રહેણાંક માટે અંદાજિત ૨ કરોડના ખર્ચ તૈયાર કરવામાં આવેલી ટ્રાન્ઝિટ હોસ્ટેલ સુવિધાનું લોકાર્પણ કરવામાં આવ્યું. તેમજ

આંબરડી સફારી પાર્ક ખાતે નવનિર્મિત લેપર્ડ મોટ કેજનું વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યું હતું.

આ પ્રસંગે મંત્રીએ કહ્યું કે, આ સુવિધાથી વન કર્મચારીઓ અને તેના પરિવારોની સુખાકારીમાં વધારો થશે, તેમ જ કર્મચારીઓ વધુ કાર્યક્ષમતાથી કામ કરશે. મંત્રીએ વન કરમી બીડગાડ ગાઈડ અને ગ્રામજનો સાથે પણ સંવાદ કર્યો હતો.

**BYTE- ARJUN MODHWADIA, CABINET MINISTER**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

......................................

## ABDASA DRUGS

અબડાસા અને લખપત તાલુકાના દરિયાકાંઠેથી ફરી એકવાર મોટા પ્રમાણમાં બિનવારસી ચરસનાં પેકેટો મળી આવ્યાં હતાં. શનિવારે એક જ દિવસમાં જુદા જુદા સ્થળોએથી કુલ 30 જેટલાં ચરસનાં પેકેટો મળી આવ્યાં હતાં, જેની અંદાજિત કિંમત આંતરરાષ્ટ્રીય બજારમાં 18 કરોડ રૂપિયા આંકવામાં આવી રહી છે.

આ ઉપરાંત અબડાસાના લુણા ટાપુ પરથી એક ડ્રોન વિમાનનું પાંખિયું પણ મળી આવતાં સુરક્ષા એજન્સીઓ વધુ સતર્ક બની છે. મળી આવેલા આ પેકેટો પ્લાસ્ટિકના બે કોથળામાં છુપાવવામાં આવ્યાં હતાં અને તેનું વજન આશરે 24 કિલોગ્રામ જેટલું થતું હતું.

કોસ્ટગાર્ડ દ્વારા આ 20 પેકેટ ચરસની કિંમત 12 કરોડ રૂપિયા આંકવામાં આવી છે. તેવી જ રીતે, લખપત તાલુકાના બકલ ટાપુ વિસ્તારમાં બોર્ડર સિક્યોરિટી ફોર્સની ટીમ પેટ્રાલિંગમાં હતી, ત્યારે તેમને પણ એક કોથળામાંથી 10 જેટલાં ચરસનાં પેકેટો બિનવારસી હાલતમાં મળી આવ્યાં હતાં.

## WEATHER

રાજ્યમાં ફરી એકવાર ગરમીનો કહેર વધવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. આગામી સાત દિવસ માટેની આગાહીમાં અમદાવાદ સહિત અનેક વિસ્તારોમાં હિટવેવની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

અમદાવાદમાં આજે યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જ્યારે છ દિવસ માટે ઓરેન્જ એલર્ટ રહેશે. હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી છ દિવસ દરમિયાન અંગ દઝાડતી ગરમીનો અનુભવ થશે.

હાલ રાજ્યમાં વાતાવરણ શુષ્ક રહેવાની શક્યતા છે. નોર્થ ઈસ્ટ રાજસ્થાન વિસ્તારમાં સાયક્લોનિક સરક્યુલેશન સિસ્ટમ સક્રિય બનતા તાપમાનમાં વધારો થવાની શક્યતા હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે વ્યક્ત કરી છે.

**BYTE- RAMASHRAY YADAV, IMD**

# IPL

IPL ક્રિકેટમાં ગઇકાલે ગુજરાત ટાઇટન્સે રાજસ્થાન રોયલ્સને 77 રનથી હરાવ્યું. જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમ ખાતે પ્રથમ બેટિંગ કરતા, ગુજરાત ટાઇટન્સે નિર્ધારિત 20 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને 229 રન બનાવ્યા. કેપ્ટન શુભમન ગિલે 84, જ્યારે સાઈ સુદર્શને 55 રન બનાવ્યા. 230 રનના લક્ષ્યનો પીછો કરતા, રાજસ્થાન રોયલ્સ 152 રનમાં ઓલઆઉટ થયું. રાજસ્થાન રોયલ્સ તરફથી રવિન્દ્ર જાડેજાએ સૌથી વધુ 38 રન બનાવ્યા. ગુજરાત ટાઇટન્સ તરફથી રાશિદ ખાને 4 વિકેટ ઝડપી. આ બદલ તેમને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા.

આજે લખનૌ સુપર જાયન્ટ્સનો મુકાબલો ચેન્નાઈ સુપર કિંગ્સ સામે થશે. આ મેચ બપોરે 3:30 વાગ્યે શરૂ થશે. જ્યારે બીજી મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરનો મુકાબલો મુંબઈ ઇન્ડિયન્સ સામે થશે. આ મેચ સાંજે 7:30 વાગ્યે શરૂ થશે.

# IWLF

ઇન્ડિયન વેઇટલિફ્ટિંગ ફેડરેશન (IWLF) દ્વારા ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે ૧૧ મેથી ૧૭ મે, સુધી એશિયન સિનિયર વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. આ ચેમ્પિયનશિપનો ઉદ્ઘાટન સમારોહ ૧૨ મે એ મહાત્મા મંદિર કન્વેન્શન ખાતે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી તથા રમતગમત રાજ્યમંત્રી ડૉ. જયરામ ગામિતની ઉપસ્થિતિમાં યોજાશે. આ સ્પર્ધામાં ૩૧ દેશોના આશરે ૨૦૦ રમતવીરો, ૨૦૦ જેટલા કોચ, સ્ટાફ, પ્રતિનિધિઓ અને

મેનેજરો સહિત ૫૦ જેટલા આંતરરાષ્ટ્રીય ટેકનિકલ અધિકારીઓ સહિત મહાનુભાવો હાજર રહેશે.

૨૦૧૫માં પુણે, ૨૦૨૩માં ગ્રેટર નોઇડા, ૨૦૨૫માં અમદાવાદ અને ૨૦૨૬માં ગાંધીનગરમાં એમ વિવિધ શહેરોમાં આ સ્પર્ધાનું સફળતાપૂર્વક આયોજન કરાયું છે. આ સ્પર્ધામાં ૬ ઓલિમ્પિક રમતોના મેડલ વિજેતા, ૩૫ વિશ્વ ચેમ્પિયનશિપ મેડલ વિજેતા, ૧૦ એશિયન ગેમ્સ મેડલ વિજેતા સહિતના ખેલાડિઓ ભાગ લેશે.

## SOLA BHAGVAT SUNDARKAND

રાજયભરમાં અધિક માસ નિમિતે વિવિધ તીર્થસ્થાનો અને મંદિરોમાં મનોરથનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સુંદરકાંડ સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજાશે. મંદિરોમાં ભક્તોની ભીડ જોવા મળશે ત્યારે અમદાવાદની સોલા ભાગવત વિદ્યાપીઠ ખાતે પણ સુંદરકાંડનું આયોજન કરવામાં આવ્યું છે.

---------------------------------------------